


PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 209
Dt.: 04-06-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa


### નેપાળના પીએમ બાલેન શાહના નિવેદન પછી ભારત સરકારની સ્પષ્ટ વાત

# ભારત-નેપાળ સીમા વિવાદમાં ત્રીજા પક્ષની ભૂમિકા અસ્વીકાર્ય: ભારત

**વિદેશ મંત્રાલયે વધુમાં સ્પષ્ટ કર્યુ કે, સરહદી વિસ્તારોમાં દબાણ અને 'નો મેન્સ લેન્ડ' પર કબજાના જે કેસ સામે આવ્યા છે, તેની સંયુક્ત રીતે મેપિંગ કરવામાં આવી રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે નેપાળના વડાપ્રધાન બલેન શાહને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ભારત અને નેપાળ વચ્ચેના સીમા વિવાદમાં કોઈપણ ત્રીજા પક્ષની કોઈ ભૂમિકા રહેશે નહીં. બંને દેશો આ મુદ્દાને પરસ્પર સહમતિથી જ ઉકેલશે. ભારતનું આ નિવેદન બાલેન શાહના તે દાવા બાદ આવ્યું છે, જેમાં તેમણે કહ્યું હતું કે નેપાળે પણ ભારતના કેટલાક વિસ્તારો પર કબજો કરી રાખ્યો છે.ભારતીય વિદેશ વિભાગના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, અમે નેપાળના વડાપ્રધાનની ટિપ્પણીઓ અને ત્યારબાદ નેપાળના વિદેશ મંત્રાલય તરફથી આવેલા નિવેદનને જોયું છે. ભારત-નેપાળ સરહદનો લગભગ ૯૮ ટકા હિસ્સો સીમાંકિત થઈ ચૂક્યો છે, તેમ છતાં ગંડક નદીનો માર્ગ બદલાવાને કારણે અમુક હિસ્સાના ઉકેલની પ્રક્રિયા હજુ બાકી છે. વિદેશ મંત્રાલયે વધુમાં સ્પષ્ટ કર્યુ કે, સરહદી વિસ્તારોમાં દબાણ અને 'નો મેન્સ લેન્ડ' પર કબજાના જે કેસ સામે આવ્યા છે, તેની સંયુક્ત રીતે મેપિંગ કરવામાં આવી રહી છે. સરહદ સંબંધિત તમામ પાસાઓને ઉકેલવા માટે ભારત અને નેપાળે દ્વિપક્ષીય તંત્ર સ્થાપિત કરેલા છે. સંબંધિત તમામ પક્ષોએ એ સમજવું જોઈએ કે આ ભારત અને નેપાળનો સંપૂર્ણપણે દ્વિપક્ષીય મામલો છે, જેમાં કોઈ પણ ત્રીજા પક્ષની દરમિયાનગીરીને સ્થાન નથી.નેપાળની શાસક પક્ષ રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (આરએસપી) ના અધ્યક્ષ રવિ લામિછાન પ્રતિનિધિમંડળ સાથે ભારતની મુલાકાતે આવ્યા હતા.

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન સાથે પ્રતિનિધિ મંડળે મુલાકાત કરી હતી. વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે લામિછાનની બેઠક યોજાઈ હતી, જેમાં ભારત અને નેપાળ વચ્ચેના દ્વિપક્ષીય વિકાસ સહયોગ અને લોકો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ચર્ચા કરવામાં આવી હતી.

વિદેશ મંત્રી જયશંકરે 'એક્સ' પર તસવીર શેર કરીને જણાવ્યું હતું કે, આ સંબંધો વિકાસ અને સમૃદ્ધિ માટે મહત્વપૂર્ણ છે.

### પરિણીત પુત્રને 'પરિવાર'ની વ્યાખ્યામાંથી બહાર કરવામાં આવતો નથી

## પરિણીત પુત્રીને રહેમરાહે નોકરીથી વંચિત ન રખાય : સુપ્રીમ કોર્ટ



**લગ્ન પછી પુત્રી પરિવારથી અલગ થઈ જાતી હોવાની માન્યતાને બંધારણથી વિપરિત ગણાવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે મંગળવારે એક મહત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું હતું કે રહેમરાહે મળતી નોકરીમાં પરિણીત પુત્રીઓને બાકાત રાખી શકાય નહીં અને 'પરિવાર'ની વ્યાખ્યામાં પરિણીત પુત્રીની બાદબાકી કરવાની બાબત મનસ્વી, ગેરવાજબી અને બંધારણની સમાનતાની ભાવના વિરુદ્ધ છે.અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાને રદ કરતાં જસ્ટિસ પી એસ નરસિંહા અને આલોક આરાધેની ખંડપીઠે આ અવલોકન કર્યા હતાં. અલ્હાબાદ હાઈકોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે રહેમરાહે નોકરીના હેતુ માટે પરિવારની વ્યાખ્યામાં પરિણીત પુત્રીઓનો સમાવેશ થતો નથી.સુપ્રીમ કોર્ટ એક પરિણીત મહિલાની અરજી પર સુનાવણી કરી રહી હતી. મહિલા રેશનિંગની દુકાનના મૃતક ડીલરની પુત્રી હતી અને રહેમરાહે દુકાનનું સંચાલન સોંપવાની તેની માંગ હાઈકોર્ટે ફગાવી દીધી હતી. મહિલાએ ૨૦૧૯ના એક સરકારી આદેશને પડકાર્યો હતો, જેમાં પરિણીત પુત્રીઓને 'પરિવાર'ની વ્યાખ્યામાંથી બહાર રાખવામાં આવી હતી.સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આશ્રિત કોટા હેઠળ ફાળવણીનો હેતુ મૃતકના પરિવારને તાત્કાલિક આર્થિક સહાય પૂરી પાડવાનો છે. તેથી પરિણીત પુત્રીને માત્ર વૈવાહિક સ્થિતિના આધારે બહાર રાખી શકાય નહીં. રહેમરાહે નોકરીમાં આર્થિક જરૂરિયાત અને અરજદારની જવાબદારી નિભાવવાની ક્ષમતા જેવા મુદ્દા મહત્વના છે. વૈવાહિક સ્થિતિનો આ બાબતો સાથે કોઈ તર્કસંગત સંબંધ નથી. આ વિવાદાસ્પદ જોગવાઈ એ માન્યતા પર આધારિત છે કે લગ્ન પછી પુત્રી તેના માતા-પિતાના પરિવારની સભ્ય કે આશ્રિત રહેતી નથી. આવી ધારણા બંધારણની ભાવના વિરુદ્ધ છે.ખંડપીઠે જણાવ્યું હતું કે લગ્નથી પુત્રી અને તેના માતા-પિતાના પરિવાર વચ્ચેનો સંબંધ સમાપ્ત થઈ જતો નથી. આજના સમાજમાં અનેક પરિણીત પુત્રીઓ પોતાના માતા-પિતાની સાથે રહે છે, તેમનો સહારો બને છે અથવા તેમની પર નિર્ભર પણ હોય છે. તેવી જ રીતે, એવા પુત્રો પણ હોઈ શકે છે, જેઓ પરિવારની વ્યાખ્યામાં સમાવિષ્ટ હોવા છતાં પરિવાર પર આધારિત નથી. આ યોજના હેઠળ પરિણીત પુત્રને 'પરિવાર'ની વ્યાખ્યામાંથી બહાર કરવામાં આવતો નથી, પરંતુ પુત્રીને માત્ર લગ્નના કારણે બહાર રાખવામાં આવે છે. આ ભેદભાવ એ જૂની માન્યતા પર આધારિત છે કે લગ્ન પછી પુત્રી બીજા પરિવારનો સભ્ય બની જાય છે અને પોતાના જન્મના પરિવાર સાથેના તમામ સંબંધો ગુમાવી દે છે. આવી ધારણા બંધારણમાં આપવામાં આવેલા સમાનતાના અધિકાર સાથે અસંગત છે અને લિંગ આધારિત અસમાનતાને પ્રોત્સાહન આપે છે.

## ડીકે શિવકુમાર બન્યા કર્ણાટકના નવા મુખ્યમંત્રી, જી પરમેશ્વર બન્યા ડેપ્યુટી સીએમ



(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

કોંગ્રેસના સિનિયર નેતા ડીકે શિવકુમારે બુધવારે કર્ણાટકના મુખ્યમંત્રી પદના શપથ લઈ રાજ્યની કમાન સંભાળી લીધી છે. વળી ડો. જી. પરમેશ્વરે રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકે પદ અને ગોપનીયતાના શપથ ગ્રહણ કર્યા છે. આ ઉપરાંત ૧૨ નેતાઓએ મંત્રી પદના શપથ લીધા છે, જેમાં કેએચ મુનિયપ્પા, કેજે જોર્જ, એમબી પાટિલ, રામલિંગારેડ્ડી, સતીશ જારકિહોલી, કૃષ્ણબૈરે ગૌડા, પ્રિયાંક ખડગે, યૂટી ખાદર, ઈશ્વર ખંડ્રે, યતીન્દ્ર સિદ્ધારમૈયા, બૈરાતી સુરેશ અને શરણપ્રકાશ પાટિલ સામેલ છે.

બેંગલુરુ સ્થિત લોકભવનના ગ્લાસ હાઉસમાં આયોજિત ભવ્ય સમારંભમાં રાજ્યપાલ થાવરચંદ ગહલોતે બંને નેતાઓને શપથ લેવડાવ્યા. આ અવસર પર કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલ સહિત પાર્ટીના કેટલાય સિનિયર નેતા હાજર રહ્યા હતા. મુખ્યમંત્રી પદના શપથ સાથે ડી.કે. શિવકુમારનું વર્ષો જૂનું રાજકીય સપનું પૂરું થઈ ગયું. આઠ વાર ધારાસભ્ય રહી ચૂકેલા શિવકુમાર લાંબા સમયથી રાજ્યની સર્વોચ્ચ ખુરશી સુધી પહોંચવા માટે મથામણ કરી રહ્યા હતા.

કર્ણાટકના રાજકારણમાં શિવકુમાર અને સિદ્ધારમૈયાની વચ્ચે નેતૃત્વને લઈ લાંબા સમયથી ખેંચતાણ ચાલી રહી હતી. આ અધ્યાયનો અંત ત્યારે થયો, જ્યારે કોંગ્રેસ હાઈકમાન્ડના નિર્દેશ પર સિદ્ધારમૈયાએ ૨૮ મેના રોજ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું.

સિદ્ધારમૈયાના પદ છોડ્યા બાદ મુખ્યમંત્રી પદ માટેનો માર્ગ મોકળો થઈ ગયો અને કોંગ્રેસના સંકટમોચક ગણાતા ડીકે શિવકુમારને રાજ્યની કમાન સોંપવામાં આવી. તેમના નેતૃત્વમાં કોંગ્રેસ હવે કર્ણાટકમાં નવા રાજકીય અધ્યાયની શરૂઆત કરી રહી છે.

કર્ણાટકમાં ડીકે શિવકુમાર સાથે આટલા મંત્રીઓએ શપથ ગ્રહણ કર્યા

- કેએચ મુનિયપ્પા
- કેજે જોર્જ
- એમબી પાટિલ
- રામલિંગારેડ્ડી
- સતીશ જરાકિહોલી
- કૃષ્ણબૈરે ગૌડા
- પ્રિયાંક ખડગે
- યૂટી ખાદર
- ઈશ્વર ખંડ્રે
- યતીન્દ્ર સિદ્ધારમૈયા
- બૈરાતી સુરેશ
- શરણપ્રકાશ પાટિલ

## હિમાચલ સરકાર દ્વારા વસૂલાતા એન્ટ્રી ટેક્સનો વિરોધ હવે ઉગ્ર બન્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)શીમલા

હિમાચલ પ્રદેશ સરકાર દ્વારા વસૂલવામાં આવી રહેલા એન્ટ્રી ટેક્સનો વિરોધ હવે વધુ ઉગ્ર બન્યો છે. નિહંગ શિખ સંગઠન 'તરના દલ'ની આગેવાનીમાં બુધવારથી કુલ્લુ-મનાલી હાઈવે પર કીરતપુર સાહિબમાં મોડા ટોલ પ્લાઝા નજીક એક અનોખો વિરોધ શરૂ કરવામાં આવ્યો છે. નિહંગોએ હિમાચલ પ્રદેશ તરફથી આવતા વાહનો પાસેથી 'ખાલસા રાજ ટેક્સ'ના નામે સ્વૈચ્છિક ફાળો ઉઘરાવવાનું શરૂ કર્યું છે. તરના દલના નિહંગ અચ્છર સિંહે જણાવ્યું કે, તેઓ કાર જેવી નાની ગાડીઓ પાસેથી ૧૦૦ રૂપિયા, નાના કોમર્શિયલ વાહનો પાસેથી ૨૦૦ રૂપિયા અને મોટા વાહનો પાસેથી ૩૦૦થી ૫૦૦ રૂપિયાની વસૂલાત કરી રહ્યા છે. જોકે, તેમણે સ્પષ્ટતા કરી છે કે, આમાં કોઈ વાહનચાલક સાથે જબરદસ્તી કરાતી નથી. જે ચાલક પોતાની ઈચ્છા અને શ્રદ્ધાથી દાન આપવા માંગે તે આપી શકે છે, બાકીના વાહનોને કોઈ પણ રોકટોક વગર જવા દેવામાં આવે છે. નિહંગોનું કહેવું છે કે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા જે ટેક્સ લે છે તેના બદલામાં રોડ બનાવી આપે છે, તેથી તેની સામે કોઈ વાંધો નથી. પરંતુ હિમાચલ સરકાર જે ટેક્સ વસૂલે છે તે 'ગુન્ડા ટેક્સ' સમાન છે, જેનાથી વેપારીઓ અને ટ્રાન્સપોર્ટર્સ પર આર્થિક બોજ વધે છે. તેમણે ચેતવણી આપી છે કે જો હિમાચલ કે પંજાબ સરકાર તેમને રોકવાનો પ્રયાસ કરશે તો પરિણામ સારું નહીં આવે. હાલ પોલીસ પ્રશાસન અને થાના પ્રભારી ઈન્સ્પેક્ટર રાહુલ શર્મા સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. હિમાચલ પ્રદેશમાં પ્રવેશતા વાહનો પાસેથી વર્ષોથી એન્ટ્રી ટેક્સ લેવાય છે. વર્ષ ૨૦૨૫માં સરકારે તેમાં સામાન્ય વધારો કર્યો હતો, પરંતુ ફેબ્રુઆરી ૨૦૨૬ માં નવી ટોલ નીતિ જાહેર કરીને ટેક્સના દરોમાં ભારે વધારો ઝીંકી દેવામાં આવ્યો હતો. હિમાચલમાં સૌથી વધુ પ્રવાસીઓ અને ટ્રાન્સપોર્ટર્સ પંજાબ તેમજ હરિયાણાથી આવે છે, જેથી આ વધારાનો ત્યાં ઉગ્ર વિરોધ થયો હતો.

## 'ખાન સર' ના કોચિંગ સેન્ટર પર હુમલો, ગાર્ડને ગંભીર ઈજાઓ પહોંચી



(સંપૂર્ણ સમાચાર સેવા)પટના

બિહારની રાજધાની પટનામાં ખાન સરના કોચિંગ સેન્ટરની બહાર મંગળવારે(૨ જૂન) રાત્રે ગોળીબારના સમાચાર સામે આવ્યા હતા. કોચિંગ સેન્ટર પર થયેલા હુમલો મામલે જાણીતા શિક્ષક ખાન સરે પોતે આ માહિતી આપી હતી. સમગ્ર મામલે પટના પોલીસનું નિવેદન આવ્યું છે. જેમાં પટના પોલીસે જણાવ્યું છે કે, ખાન સરના કોચિંગ સેન્ટરની બહાર કોઈ ફાયરિંગ થયું નથી.પટણા પોલીસે એક સત્તાવાર નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે, મંગળવારે રાત્રે લગભગ ૧૦ વાગ્યે કદમકુઆં પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવતા ખાન ગ્લોબલ સ્ટડીઝ કોચિંગ સેન્ટરમાં કેટલાક લોકો દ્વારા પથ્થરમારો અને તોડફોડ કરી હોવા અંગે માહિતી મળી હતી.રાત્રે મળેલી માહિતી મુજબ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થાનિક રહેવાસીઓની પૂછપરછ અને સીસીટીવી ફૂટેજ તપાસ્યા બાદ જાણવા મળ્યું હતું કે, પટનાની જ્ઞાન બિંદુ કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ સાથે સંકળાયેલા ૧૫ થી ૨૦ વ્યક્તિઓએ પથ્થરમારો અને તોડફોડ કરી હોવાનો આરોપ છે.કોચિંગ સેન્ટર પર ફાયરિંગ થયાના દાવા સામે પોલીસે જણાવ્યું હતું કે, સીસીટીવી ફૂટેજમાં ખાન સરના કોચિંગ સેન્ટરમાં કોઈ ફાયરિંગ થયાની પુષ્ટિ થઈ નથી. અગાઉ પણ કોચિંગ સેન્ટરની બહાર ૧૦ થી ૧૨ રાઉન્ડ ફાયરિંગ થયું હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા.ઘટનામાં સંડોવાયેલા આરોપીઓને પકડવા માટે પોલીસ ટીમો દરોડા પાડી રહી છે. સ્થાનિક રહેવાસીઓની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. આરોપીઓ સામે ટૂંક સમયમાં કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.મોડી રાત્રે ખાન સરના કોચિંગ સેન્ટરની બહાર અંદાજે ૮ થી ૧૦ રાઉન્ડ ફાયરિંગ થયું હોવાનો દાવો છે. તેમજ સેન્ટર પર પથ્થરમારો અને તોડફોડ કરી હુમલો કરાયો હોવાનું સામે આવ્યું છે, ત્યારે આ ઘટનામાં એક ગાર્ડ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મામલાની તપાસ શરૂ કરી છે.




### ઈરાન સંગ ડીલ અંગે આપ્યું મોટું નિવેદન

## મોજતબા ખામેનેઈ જીવે છે? માર્કો રુબિયોએ કર્યો ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભયાનક સૈન્ય સંઘર્ષની વચ્ચે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. ઈરાન પર થયેલા અગાઉના હુમલામાં ત્યાંના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈના મોતના અહેવાલો વહેતા થયા હતા, જેની પર હવે અમેરિકાએ સ્પષ્ટતા કરી દીધી છે. અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ સેનેટની વિદેશ નીતિ સમિતિ સમક્ષ સત્તાવાર નિવેદન આપતા પુષ્ટિ કરી છે કે, મોજતબા ખામેનેઈ માત્ર જીવિત જ નથી પરંતુ દેશના તમામ મહત્ત્વના સૈન્ય અને વ્યૂહાત્મક નિર્ણયોમાં ખૂબ સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે.ઉલ્લેખનીય છે કે, ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર એક મોટો હુમલો કર્યો હતો, જેમાં તત્કાલીન સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈનું મૃત્યુ નીપજ્યું હતું. આ હુમલામાં તેમના પરિવારના અન્ય સભ્યો પણ ભોગ બન્યા હતા અને તેમના પુત્ર તેમજ ઉત્તરાધિકારી મોજતબા ખામેનેઈ પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ હતા. યુદ્ધ શરૂ થયા બાદથી તેઓ ક્યારેય સાર્વજનિક રૂપે નજરે પડ્યા નથી અને માત્ર લેખિત નિવેદનો જ જાહેર કરતા હોવાથી મીડિયામાં તેમના મોતના સમાચારો વહેતા થયા હતા. જોકે, હવે અમેરિકન ગુપ્તચર સંકેતોના આધારે વિદેશ મંત્રીએ આ અફવાઓ પર પૂર્ણવિરામ મૂકી દીધું છે.




